ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: પવસ-૧૦૨૦૦૩-૯૯૦-ગ.૪,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- /૭/૨૦૦૪.

23 JUL 2004

વંચાણમાં લીધા:-

(૧) સા.વ.વિ.નો તા.૮-૩-'૯૯ નો ઠરાવ ક્રમાંક:-પવસ-૧૫૯૫-૮૭૮-ગ.૪,
(૨) સા.વ.વિ.નો તા.૨૯-૧-૨૦૦૦ નો પરિપત્ર ક્રમાંક:પવસ-૧૦૯૯-મુમ.૧૩-ગ.૪,
(૩) ભારત સરકારના કર્મચારીગણ લોકફરીયાદ અને પેન્શન મંત્રાલય,(કર્મચારીગણ અને તાલીમ પ્રભાગ)ના તા.૩૧-૧૨-૦૩ નો પત્ર ક્ર: ૩૬૦૨૮-૧૨-૨૦૦૩ -ઈએસટી(રીઝર્વેશન)

--:પરિપત્ર:--

સરકારના સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ(૨) હેઠળના તા.૨૯-૧-૨૦૦૦ ના પરિપત્રથી બહાર પાડવામાં આવેલી સૂચનાઓ મુજબ સામાન્ય વર્ગના ઉમેદવારોને જે ધોરણ લાગુ પાડવામાં આવેલ હોય તે જ ધોરણે પસંદગી પામેલા હોય એવા જ અનુસૂચિત જાતિઓ / અનુસૂચિત જનજાતિઓ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માત્રને જ તેમની અનામતની નહી પરંતુ બિનઅનામતની જગ્યાઓ સામે ગણતરીમાં લેવાના રહેશે / સરભર કરવાના રહેશે. જ્યારે વયમર્યાદા, અનુભવની લાયકાત, લેખિત પરીક્ષામાં મળવાપાત્ર તકોની સંખ્યા, સામાન્ય વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા વિચારણાના ક્ષેત્ર વગેરેમાં અનુસૂચિત જાતિઓ / અનુસૂચિત જનજાતિઓ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોની પસંદગીમાં છૂટછાટનું ધોરણ લાગુ પાડવામાં આવ્યું હોય તેવા પસંદગી પામેલા અનુસૂચિત જાતિઓ / અનુસૂચિત જનજાતિઓ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને તેમની અનામતની જગ્યાઓ સામે ગણવાના રહેશે. આવા ઉમેદવારો બિનઅનામત જગ્યાઓ સામેની વિચારણા માટે બિનઉપલબ્ધ હોવાનું ગણવામાં આવે છે.

૨. ઉપર્યુક્ત સૂચના મુજબ જો અનામત વર્ગના ઉમેદવારોને સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા કે રૂબરૂ મુલાકાત માટે લાયકી ધોરણમાં છૂટછાટ આપવામાં આવેલ હોય તેમજ પરીક્ષા ફી ચુકવવામાંથી મુક્તિ આપવામાં આવેલ હોય તો તેવા અનામત વર્ગના ઉમેદવારો બિનઅનામત જગ્યા સામે ગણવા કે કેમ ? અથવા તેઓ સ્પર્ધા કરી શકે કે કેમ ? તે અંગે સ્પષ્ટતાઓ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સરકારની કાળજીપૂર્વકની વિચારણાના અંતે સ્પષ્ટ કરવામાં આવે છે કે બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણમાં છૂટછાટ <u>લીધા સિવાય</u> પોતાની ગુણવત્તાના આધારે સ્પર્ધાત્મક પરીક્ષામાં પસંદગી પામેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જ.જા., અને સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોને અનામતની જગ્યા સામે સરભર કરવાના રહેશે નહિ. પરંતુ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યુ માટેની લાયકાતના ધોરણમાં છૂટછાટ મેળવીને પસંદગી પામેલા અનુ.જાતિ / અનુ.જ.જા. / સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોને અનામત જગ્યા સામે ગણવાના રહેશે. આમ છતાં, પરીક્ષા ફી ચુકવવામાંથી મુક્તિ અપાયેલ હોય તેવા અનામત વર્ગના ઉમેદવારોને બિનઅનામત ખાલી જગ્યા માટેની સ્પર્ધા માટે પ્રતિબંધિત કરી શકાશે નહિ.

ક્રમાંક (૧) સામે દર્શાવેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૩-૯૯ના ઠરાવને અમલ કરતી વખતે ઉપરોક્ત સ્પષ્ટતાઓને અનુરૂપ કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ. એન. સોલંકી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- × સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- × સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ અમદાવાદ.
- × સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- × સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- × રજિસ્ટ્રાર શ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- × ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- × સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે ખાતાના વડાઓ.
- હિસાબી અને તિજોરી નિયામકશ્રી, અમદાવાદ.
- પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (૫) ઓડિટ-૧, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (૨) ઓડિટ-૧, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- સર્વે બોર્ડ કોર્પોરેશનો, જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ/યુનિવર્સિટીઓ,
- રાજ્ય સરકાર હેઠળના સર્વે માન્ય મંડળો
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
- સિલેક્ટ ફાઈલ- વિશિષ્ટ ફાઈલ.

---

× પત્ર દ્વારા.